
# અક્રમ યુથ

ઓક્ટોબર ૨૦૨૧ ગુજરાતી
દાદા ભગવાન પરિવાર
₹ 20



## આપણા સુપરહીરો હનુમાનજી

# અનુક્રમણિકા


૪ હનુમાનજીનો પરિચય

૫ હનુમાનજીના નામ અને અર્થ

૬ જ્ઞાની વિથ યુથ

૮ હનુમાનજીની રામ ભક્તિ

૧૦ Q & A

૧૨ ભીમનું ઘમંડ

૧૪ આત્મજ્ઞાન ત્યાં છાક નહીં!

૧૬ ગોસ્વામી તુલસીદાસ

૧૮ અક્રમપીડિયા

૨૦ શક્તિનો દુરુપયોગ

૨૨ હનુમાનજીના નામ શોધો

૨૩ #કવિતા



વર્ષ: ૯, અંક : ૬
સળંગ અંક : ૧૦૨
ઓક્ટોબર ૨૦૨૧



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth



**તંત્રી - ડિમ્પલ મહેતા**

Printer & Published by
Dimplebhai Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Owned by :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Published at :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gndhinagar

Printed at : Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025. Gujarat.
Total 24 Pages with Cover page

**Subscription**
Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn
in favour of "Mahavideh Foundation"
payable at Ahmedabad.



© 2021, Dada Bhagwan Foundation.
All Rights Reserved

# સંપાદકીય





મિત્રો,

આજે આપણે એક એવા સુપરહીરોની વાત કરવા જઈ રહ્યા છીએ જે બાળકો, યુવાનો, બ્રહ્મચારીઓ ઉપરાંત અસંખ્ય રામભક્તોના પણ ખૂબ પ્રિય છે. એવું મનાય છે કે તેમની ભક્તિ કરવાથી શાણપણ, હિંમત અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જી હા મિત્રો, હું વાત કરી રહ્યો છું આપણા સૌના ફેવરિટ સુપરહીરો હનુમાનજીની.

પ્રાચીન મહાકાવ્ય રામાયણના કેન્દ્રીય પાત્રોમાંથી એક, એવા હનુમાનજીની હિન્દુધર્મના સૌથી પ્રખ્યાત દેવોમાં ગણના થાય છે. તેમની અજોડ શક્તિ, શૌર્ય, બ્રહ્મચર્ય અને ભગવાન શ્રીરામ પ્રત્યેની સ્વામીભક્તિ સાથે અનેક વાર્તાઓ પણ વણાયેલી છે. આવી જ અમુક વાતો અને પ્રસંગોનું સંકલન અક્રમ યુથના આ અંકમાં કરવામાં આવ્યું છે, જે હનુમાનજી પ્રત્યેના આપણા અહોભાવમાં અચૂક વધારો કરાવનારું નીવડશે.

એકવીસમી સદીના આવા કાળમાં જ્યાં સેવા, સમર્પણ, બ્રહ્મચર્ય જેવા ઉત્કૃષ્ટ ગુણોની કિંમત દિવસે-દિવસે ઘટી રહી છે, ત્યારે હનુમાનજીને સમર્પિત આ અંક તમને આ સદ્‌ગુણો કેળવવાની દિશામાં જરૂરથી મદદ કરશે.

- ડિમ્પલભાઈ મહેતા

# હનુમાનજીનો પરિચય



વાનરરાજ કેસરી અને રાણી અંજનાના બહાદુર પુત્ર શ્રીહનુમાનજીનો જન્મ કર્ણાટકમાં આવેલ કિષ્કિન્ધા નગરીમાં થયો હતો. હનુમાનજીનું નામ સાંભળતા જ આપણને હસતા-હસાવતા, તોફાની, બાળબ્રહ્મચારી, રામભક્ત આવા અનેક વિશેષણો યાદ આવવા લાગે, ખરું ને મિત્રો?

હનુમાનજીમાં એટલા બધા ઉમદા ગુણો હતા જે સાંભળીને આપણા સૌની હનુમાનજી પ્રત્યેની ભક્તિ ખૂબ વધી જશે. તો ચાલો, આજે આપણે હનુમાનજીના જીવનના પ્રેરક પ્રસંગોને જાણીએ અને તેમના અનન્ય ભક્તિ-સમર્પણ ભાવને સમજવાનો પ્રયાસ કરીએ.

**''હનુમાન'' નામનું રહસ્ય**

તમને કદાચ ખબર નહી હોય કે ''હનુમાન'' નામ સંસ્કૃત ભાષા પરથી આવ્યું છે. સંસ્કૃતમાં 'હનુ'નો અર્થ છે ''જડબા'' અને 'માન'નો અર્થ છે ''અગ્રણી.'' એક દંતકથા પ્રમાણે બાળપણમાં એક વખત હનુમાનજી સૂર્યને ફળ સમજી તેને ખાવા જતા હતા, ત્યારે દેવતાઓના રાજા ઈન્દ્રએ તેમને રોકવા માટે વજ્રથી પ્રહાર કર્યો હતો, જેનાથી તેમના જડબાને નુકસાન પહોંચ્યું હતું. આ પ્રસંગ બાદ બાળક મારુતિનું નામ ''હનુમાન'' પડયું.

# હનુમાનજીના નામ અને અર્થ

**અભયંત :-** નીડર.

**અનિલ :-** પવનના દેવતા.

**અતુલિત :-** જેની કોઈ સરખામણી નથી.

**બજરંગબલી :-** જેના હાથ અને પગ વીજળી જેટલા શક્તિશાળી છે.

**દીનબંધવે :-** લાચારની મદદ કરવાવાળા.

**કેસરીનંદન :-** કેસરીના પુત્ર.

**લોકપૂજ્ય :-** જે બધા દ્વારા પૂજાય છે.

**પ્રજ્ઞ :-** મહાન વિદ્વાન.



# જ્ઞાની વિથ યુથ

**પ્રશ્નકર્તા :** હનુમાનજી પાસે આપણે શું માગવું જોઈએ ?

**નીરુમા :** હનુમાનજી પાસે કંઈ માંગવું હોય તો એમના જેવું બ્રહ્મચર્ય માગો. લગ્ન ન થતાં હોય તો કોઈ માંગશે કે મને વાઈફ આપો, વાઈફ હોય તો કોઈ માંગશે કે મને છોકરા આપો. હનુમાનજી રહ્યા બ્રહ્મચારી, તને વાઈફ કેવી રીતે આપે? આવું ને આવું જ માગ્યા કર્યું છે. આવું બધું માગવાનું બંધ કરો. મારે મોક્ષ સિવાય કંઈ જોઈતું નથી એવું રાખો.

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**નીરુમા :** આ બધી સંસાર વધારવાની વાતો છે. મોક્ષમાં આવું કંઈ હોય જ નહીં.

**પ્રશ્નકર્તા:** નીરુમા, હનુમાન ચાલીસામાં તો બધું માંગવાનું આવે છે. તો એના વિશે શું કરવું ?

**નીરુમા :** તું હનુમાન ચાલીસા બોલે છે તો રામ ચાલીસા બોલે છે કે નહીં ?

**પ્રશ્નકર્તા :** રામ ચાલીસા નથી.

**નીરુમા :** તો રામ ભગવાનને ખોટું ન લાગે ? એક ભાઈએ મને કીધું કે બેન તમે દાદા ચાલીસા લખો ને. મેં કીધું દાદા ચાલીસા નથી પણ સીમંધર ચાલીસા છે. ચાલીસ વાર નમસ્કાર કરી નાંખજો.

**હનુમાનજી પાસે કંઈ માંગવું હોય તો એમના જેવું બ્રહ્મચર્ય માંગો.**



ક્યાં પાર આવે એવો છે ભાઈ ? અજ્ઞાન દશામાં આ બધું કરતા હતા. આપણે કોઈની જોડે વાંધાવચકા છે નહીં, બધાને નમસ્કાર કરીએ છીએ. પણ આપણે કશું જોઈતું નથી.

શુદ્ધાત્મામાં રહો અને હનુમાનજીને નમસ્કાર કરો. શનિવાર હોય તો મંદિરે પગે લાગી આવવાનું અને મંદિરે ન જવું હોય તો મનથી પગે લાગી લેવાનું. રાત દહાડો 'હું શુદ્ધાત્મા છું' એમાં રહેવાનું.

હનુમાનજી જોડે અમને બહુ પ્રેમ છે હં કારણકે બ્રહ્મચારી રહ્યાને સ્વભાવે, એટલે બહુ પ્રેમ છે. ચાલીસાની વાત હનુમાનજી નથી કરતા, એ તો આપણા લોકોએ શોધી કાઢ્યું છે. હનુમાનજીને નમસ્કાર કરી બ્રહ્મચર્ય માંગોને, તો બહુ થઇ ગયું, ખુશ થઈ જશે. ચાલીસા તું ચાર વાર બોલે અને એક જ વાર બ્રહ્મચર્યનું માંગેને તો પણ હનુમાનજી બહુ ખુશ થઈ જશે કે આ મારો ખરો ભગત નીકળ્યો !

હનુમાન ચાલીસામાં આવે છે હનુમાનજી, તમારા જેવું બ્રહ્મચર્ય મને આપો, એવું ? મેં તો કોઈ દહાડો કર્યા નથી.

**પ્રશ્નકર્તા :** નથી આવતું.

**નીરુમા :** નથી આવતું ? તો બોલો કરવાનું શું બીજું ? માતાજીને ભજતા હોય તો માતાજીની પાસે બીજું કઈ લાંબુ લાંબુ કરવાની જરૂર નથી, ખાલી શક્તિ માંગો કે અમારી પ્રકૃતિ સહજ થાય. આત્મા તો સહજ છે, પ્રકૃતિ સહજ થાય તો તમેય છુટ્ટા ને અમેય છુટ્ટા. શક્તિ આપો, સંસારના વિઘ્નો પાર કરવાની શક્તિ આપો. બધા કર્મોમાંથી પાર નીકળી જાય એવી શક્તિ મંગાય, તમે અમારું આ દુઃખ દૂર કરી આપો એવું ન મંગાય, શું !

# હનુમાનજીની રામ ભક્તિ

તમને તો ખબર જ હશે કે હનુમાનજી તેમના સ્વામી શ્રીરામની ખૂબ જ ભક્તિ કરતા અને એમના માટે કંઈ પણ કરવા તૈયાર હતા.

તો ચાલો, હનુમાનજીનો એક આવો જ કિસ્સો જોઈએ ...

હનુમાનજીએ સીતાજીને સિંદૂર લગાડતા જોઈને પૂછ્યું કે, ''તમે તમારી માંગ પર સિંદૂર કેમ લગાડો છો ?''

સીતાજીએ જવાબ આપ્યો કે, ''આ સિંદૂર લગાડવાથી મારા સ્વામીનું આયુષ્ય વધી જશે.''

આ સાંભળીને હનુમાનજી આશ્ચર્યચકિત થઈ ગયા. એમણે વિચાર્યું કે, 'જો માંગ પર લગાડેલ થોડાક સિંદૂરથી એમના સ્વામી શ્રીરામની આયુ વધતી હોય, તો એ પોતે પોતાના આખા શરીર પર સિંદૂર લગાડે તો શ્રી રામની આયુ કેટલી બધી વધી જશે!' આ વિચારીને હનુમાનજીએ તેમના આખા શરીર પર સિંદૂર લગાડ્યું.

જ્યારે શ્રીરામે હનુમાનજીને આખા શરીરે સિંદૂર લગાડેલા જોયા ત્યારે શ્રીરામે હનુમાનજીને કારણ પૂછ્યું. હનુમાનજી પાસેથી કારણ જાણીને શ્રીરામ ખૂબ જ પ્રસન્ન થયા અને કહ્યું કે, ''હનુમાન એમના સાચા ભક્ત છે.''

જેવી અનન્ય ભક્તિ હનુમાનજીને શ્રીરામ ભગવાન માટે હતી એવી જ અનન્ય ભક્તિ નીરુમાને દાદાશ્રી માટે હતી..

દાદાશ્રીને પહેલી વાર મળતાં જ નીરુમાને, આજીવન દાદાશ્રી-હીરાબાની સેવા કરવી છે, એવા હૃદયના ભાવ જાગ્યા હતા. અંદરથી તો અનન્ય પ્રશસ્ત રાગ હતો જ અને રાત-દિવસ સેવા કરવાનો મોકો પણ મળ્યો માટે ખૂબ નજીકથી દાદાને જોવાનો મોટો લાભ નીરુમાને મળેલો. બીજી બાજુ, સંસારમાં તેમને કોઈ મોટી જવાબદારી નહતી એટલે સર્વસ્વ દાદાશ્રીમાં જ ચોંટી ગયું હતું.

નીરુમાને નિરંતર એવું જ રહેતું કે હંમેશા દાદાની સાથે રહેવા મળે, દાદાની સેવા કરવા મળે અને એમાં એમને દાદાનો એટલો બધો પ્રેમ અને આનંદ મળતા કે તેમણે મનોમન નક્કી કરી લીધું હતું કે દાદાનું સાનિધ્ય અને સેવા ન અટકે તો બહુ થઈ ગયું. ટૂંકમાં, દાદાની સેવા આગળ બીજા કશાની જ કિંમત નહતી લાગતી.



**હનુમાનજીએ સીતાજીને સિંદૂર લગાડતા જોઈને પૂછ્યું કે, ''તમે તમારી માંગ પર સિંદૂર કેમ લગાડો છો ?''**

નીરુમાનું ચિત્ત સદા દાદામય રહેતું અને માટે દાદા માંગે તે પહેલા જ તે વસ્તુ હાજર કરી શકતા. અડધી રાતે પણ દાદાને કશું જોઈતું હોય તો એમને ખબર પડી જતી હતી, પોતાનો આત્મા દાદામય જ થઈ ગયેલ. પોતાના દેહ કરતા પણ વધુ ચીવટથી દાદાશ્રીના દેહમંદિરની કાળજી લેતા. આ દેહ જુદો દેખાય, પણ મહીં ચિત્ત સતત દાદામય. દાદાના બધા જ વાયબ્રેશન એમને પહોંચતા અને એ પોતે અનુભવી શકતા હતા.

જોયું દોસ્તો, નિરંતર દાદાશ્રીનું નિદિધ્યાસન અને એકરૂપ થઈ સેવા સિવાય નીરુમાને બીજો કોઈ વિચાર જ નહીં. સાથે-સાથે, દાદાશ્રી મારા માટે ઉપકારી છે, મારો જ આત્મા છે, એવું પણ સતત રહેતું. એમની સેવા અને અભેદતાથી રાજી થઈ દાદાશ્રી છેલ્લે-છેલ્લે બોલેલા, 'નીરુબેન નિરંતર અમારી જોડે એક થઈને રહેલા જેમકે એક દેહ અને બે આત્મા.' નીરુમા પર દાદાશ્રીની અસીમ કૃપા ઊતરી હતી.



# Q & A



**હનુમાનજીને રામ ભગવાન માટે જેવી ભક્તિ હતી, એવી ભક્તિ મને પ્રત્યક્ષ જ્ઞાની માટે હોજો.**

**પ્રશ્નકર્તા :** હનુમાનજી પાસે શું માંગવાનું ? એમની પાસેથી શું શીખવું જોઈએ ?

**આપ્તપુત્ર :** નીરુમા સાથેનો મારો એક પ્રસંગ છે. એક વાર મેં નીરુમાને કહ્યું, ''નીરુમા મને સ્પેશીયલ વિધિ કરવી છે.'' નીરુમા કહે, ''ચાલ, તારી આજે હનુમાનજી પાસે વિધિ કરું. તું હનુમાનજી પાસે શું માંગીશ ?'' મેં કહ્યું, ''હું હનુમાનજી પાસે બ્રહ્મચર્ય માંગીશ.'' નીરુમા કહે, ''ગાંડા ! બ્રહ્મચર્ય તો હોય જ, પણ સ્વામી-ભક્તિ માંગ, તારે એ ખૂટે છે.'' એ દિવસે મને એવું થયું કે હનુમાનજીને રામ ભગવાન માટે જેવી ભક્તિ હતી, એવી ભક્તિ મને પ્રત્યક્ષ જ્ઞાની માટે હોજો.

**પ્રશ્નકર્તા :** હા, તમારું વોટ્સએપ સ્ટેટસ જોયું છે. ''વર્કીંગ ઓન સ્વામી ભક્તિ'' એવું છે.

**આપ્તપુત્ર :** હનુમાનજી જેવી ભક્તિ એટલે શું ? હનુમાનજી અને રામ ભગવાન એ એક શરીર અને બે આત્મા હોય, એના જેવું. હનુમાનજી એમની ક્રિયા, વાણી, આચાર કશુંય ન જુએ ફક્ત એમનો અંતર-આશય પકડીને એ મુજબ બધું કામ કર્યા કરે. ક્યારેય પોતાની જાતનું હનુમાનજી વિચારે જ નહીં અને રામ ભગવાને આપેલ કામ નિષ્ઠાથી કર્યા કરે.

તે જ રીતે, હું પણ પૂજ્યશ્રી સાથે રહેવાનો પ્રયાસ કરું છું. આખા દિવસમાં કોઈ પણ પ્રસંગ બને તો હું જોઉં કે સ્વામી-ભક્તિમાં મારું શું મિસ થયું ? સ્વામીની ભક્તિવાળો હોય તો કેવો હોય? એના વિચાર કેવા હોય ? એની વાતો કેવી હોય ? એની વાણી કેવી હોય ? એટલે એ પ્રમાણે પછી પાછું નક્કી કરી, રોજ ઈમ્પ્રુવ કરું.

જેમ હનુમાનજી રામ ભગવાન સાથે રહેતા, તે જ રીતે હું પણ પૂજ્ય શ્રી દીપકભાઈ સાથે રહું છું. અત્યારના પ્રત્યક્ષ જ્ઞાની તો પૂજ્યશ્રી જ છે.



# ભીમનું ઘમંડ

પાંચે પાંડવોના વનવાસ વખતે એક દિવસ ભીમ ક્રોધિત થઈને જંગલમાં જતા હતા ત્યારે એક વૃદ્ધ વાનર એમના રસ્તામાં વિશ્રામ કરતા હતા. એમની પૂંછ ભીમના રસ્તામાં આવતી હતી તો ભીમે તે વાનરને કહ્યું, ''વૃદ્ધ વાનર, તમારી પૂંછ મારા રસ્તામાં આવી રહી છે. આને હટાવો.''

વૃદ્ધ વાનરે ભીમની વાત તો સાંભળી પણ તેમને કંઈ જ ફરક ન પડ્યો હોય તેમ બેસી રહ્યા. આ જોઈને ભીમે ફરી પાછું કહ્યું, ''સંભળાય છે કે નહિ? તમારી પૂંછ હટાવો.''


વૃદ્ધ વાનરે કહ્યું ''ભાઈ, રામનું નામ લો અને મને વિશ્રામ કરવા દો.'' ભીમ ક્રોધિત થઈ ગયા અને બોલ્યા, ''તમે તમારી પૂંછ હટાવો છો કે પછી તેને ઉખાડીને ફેંકી દઉં?''

વૃદ્ધ વાનરે ખૂબ જ ધીરજથી જવાબ આપ્યો, ''ભાઈ, રામનું નામ લો અને પૂંછને ઓળંગીને ચાલ્યા જાઓ.''

આ સાંભળી ભીમની આંખો લાલ થઈ ગઈ અને વાનરને કહે છે કે, ''તમે મને ઓળખતા નથી હું કોણ છું, છેલ્લી વખત કહું છું, તમે તમારી પૂંછ હટાવો છો કે પછી હું હટાવીને ફેંકી દઉં?''

વાનરને હસવું આવ્યું અને બોલ્યા, ''એમ? તમે મારી પૂંછ હટાવશો? સારું તો હટાવો. આમ પણ મારી કેટલાય વર્ષોથી ઈચ્છા છે કે કોઈ મારી પૂંછ હટાવી દે.'' પોતાની શક્તિના ગુમાનમાં ભીમે વિચાર્યું કે આ વૃદ્ધ વાનરને ખબર નથી કે હું મહાબળી ભીમ છું તેથી મને પૂંછ હટાવવાનો પડકાર આપે છે, મૂર્ખ વાનર.


આવું વિચારી, વાનર સામે હસતાં-હસતાં, ભીમે એક હાથે પૂંછ ઉપાડવાનો પ્રયાસ કર્યો પણ પૂંછ તો હલી જ નહિ! એટલે ભીમે ફરી પ્રયાસ કર્યો અને આ જોઈ વાનર હસ્યા. વાનરને હસતા જોઈ ભીમ ગુસ્સે થઈ બંને હાથે પ્રયત્ન કરવા લાગ્યા પણ પૂંછ ઉપાડી ન શક્યા. આ જોઈ વાનર



બોલ્યા, ''હટાવો હટાવો, થોડું બાહુબળ લગાવો. '' આ સાંભળી ભીમે એમનું બધું જ બાહુબળ લગાવી દીધું. તેમના શરીરમાંથી પરસેવો છૂટવા લાગ્યો, તેમના બંને હાથ લાલ થઈ ગયા પણ પૂંછ ન હટી. ભીમને સમજાઈ ગયું કે આ કોઈ સાધારણ વાનર નથી. એટલે ભીમ વાનર પાસે ગયા અને બોલ્યા, ''હે વાનર! તમે મને તમારા સાચા સ્વરૂપના દર્શન આપો.'' આ સાંભળી વાનર બોલ્યા, ''રામનું નામ લો ભાઈ, સેવકના દર્શન કરીને શું કરશો? આ સાંભળી ભીમને સમજાઈ ગયું કે આતો રામભક્ત હનુમાન છે.

પછી ભીમે કહ્યું કે, ''હે ભ્રાતા હનુમાન, તમે મને પહેલાં જ કેમ ન કહી દીધું કે તમે રામભક્ત હનુમાન છો ?'' હનુમાનજીએ જવાબ આપ્યો, ''પ્રિય અનુજ ભીમ, તારા ગુસ્સા અને ઘમંડને દૂર કરવા માટે તને આ પાઠ આપવો જરૂરી હતો. તું આરામથી મારી પૂંછ ઓળંગીને જઈ શકતો હતો, પણ તે તારી શક્તિના ઘમંડને કારણે એવું ન કર્યું અને સામેવાળી વ્યક્તિ કોણ છે એ જાણ્યા વગર જ માત્ર ઘમંડને કારણે કોઈનો પડકાર સ્વીકાર કરવો એ તો મૂર્ખતા છે. જ્યારે મેં તને પડકાર આપ્યો ત્યારે તે વિચાર્યું કે હું તો મહાશક્તિશાળી છું અને વૃદ્ધ વાનરને તો આરામથી હરાવી શકીશ. જેમ હું વૃદ્ધ વાનર બની શકું તેમ કોઈપણ વ્યક્તિ કોઈપણ સ્વરૂપમાં આવીને તને પડકાર આપી શકે છે અને તુ તારા ઘમંડ અને ગુસ્સાને કારણે હારી શકે છે.''

આ સાંભળીને ભીમને પોતાની ભૂલ સમજાઈ અને તેણે ત્યાં જ નક્કી કર્યું કે આજ પછી ક્યારેય પોતાની આવડતનો ઘમંડ નહિ કરે અને ગુસ્સો કરવાનું બંધ કરશે.



**તો જોયું મિત્રો... હનુમાનજી શક્તિશાળી ભીમનો અહંકાર કેવી રીતે ઓગાળી નાખે છે ! દાદાશ્રી પણ આપણા ઈગોઈઝમને ભસ્મીભૂત કરી આપે છે. તો ચાલો જોઈએ, આ વિશે દાદાશ્રી શું કહે છે...**

# આત્મજ્ઞાન ત્યાં છાક નહીં!

**‘જ્ઞાની પુરુષ’ પાસે બધી જ ચીજ હોય, એનાથી બધું જ ઓગળી જાય.**



**પ્રશ્નકર્તા :** ઈગોઈઝમ ઓગળી શકે?

**દાદાશ્રી :** હા, અમારી વાણી જ એવી છે કે જેનાથી ઈગોઈઝમ ઓગળી જાય. આ વાણીથી તો ક્રોધ-માન-માયા-લોભ બધું જ ઓગળી જાય. અમદાવાદમાં એક શેઠ આવેલા. તે કહે કે ‘મારો ક્રોધ લઈ લો.’ તે લઈ લીધો અમે! ‘જ્ઞાની પુરુષ’ પાસે બધી જ ચીજ હોય, એનાથી બધું જ ઓગળી જાય.

આ ક્રોધ-માન-માયા-લોભ બધું શાનાથી ઊભું છે? શાના આધારે ઊભું છે? લોકો કહે છેને કે ‘મને ક્રોધ આવે છે.’ હવે આ ‘મને થાય છે.’ એ આધાર આપે છે, તેથી પેલી વસ્તુ ટકી રહી છે. ‘જ્ઞાની પુરુષ’ આધાર લઈ લે એટલે પેલું ઓગળી જાય. ધીમે ધીમે ક્રોધ ઓછો કરવા જાય તો થાય તેવું નથી અને વખતે ક્રોધ ઓછો થાય તો પાછું પેલી બાજુ માન વધે! એટલે આ તો કેવું છે કે પોતાનું ભાન નામેય નથી અને માથે બધું લઈને ફરે છે! આ તો ‘પોતાના’ ભાન વગર જ વ્યવહાર આખો નભી રહ્યો છે, સહેજેય ભાન નથી.

# હૃદય ચીરે તો કોણ દેખાય ?



**એક દિવસ અચાનક દાદાશ્રીએ પૂજ્યશ્રીને પૂછ્યું**

**દાદાશ્રી :** દીપક, જેમ હનુમાનજીનું હૃદય ચીરે તો રામ દેખાય તેમ તારું હૃદય ચીરે તો કોણ દેખાય?

**પૂજ્યશ્રી :** એક બાજુ દાદા તમે અને બીજી બાજુ નીરુબેન.

**દાદાશ્રી :** કોઈ એક જ હોય, એવું બે ન હોય.

**પૂજ્યશ્રી :** તો મલ્લિનાથ એટલે કે નીરુબેન.

**દાદાશ્રી :** સારું સારું તો એમને જ રાખજે, બંને એક જ છે ને.



# ગોસ્વામી તુલસીદાસ

ગોસ્વામી તુલસીદાસનો જન્મ ૧૫૩૨માં રાજાપુરમાં થયો હતો. જન્મ વખતે તેમનું નામ 'રામબોલા' રાખવામાં આવ્યું હતું. રામબોલાનો જન્મ થતાં જ એમની માતાનું મૃત્યુ થયું, તેથી રામબોલાને અપશુકનિયાળ માની ઘરમાંથી કાઢી મૂક્યો હતો. આ દૃશ્ય રામબોલાના ઘરની નોકરાણી, ચુનીયા જોઈ ના શકી એટલે તેણે રામબોલાને પોતાની સાથે રાખી ઉછેર્યો. પરંતુ ૫ વર્ષ બાદ ચુનીયાનું પણ મૃત્યુ થઈ ગયું. ત્યારબાદ નરસિંહ દાસે રામબોલાને દત્તક લીધો અને તેનું નામ તુલસીદાસ પાડ્યું. આમ ઘણી વિકટ પરિસ્થિતિમાં તેમનું બાળપણ વીત્યું હતું.

તુલસીદાસ ખૂબ જ બુદ્ધિશાળી હતા. તે સમયના બધાં ગ્રંથો અને સાહિત્ય સંસ્કૃત ભાષામાં હતા અને માત્ર બ્રાહ્મણો જ એ વાંચી શકતા. બધાં જ વાંચી શકે એવા ઉમદા આશયથી તેમણે રામાયણનું હિન્દી ભાષામાં ભાષાંતર કર્યું. એમના દ્વારા રચિત હિન્દુ ભક્તિ સ્તોત્ર 'હનુમાન ચાલીસા', જેમાં હનુમાનજીની પ્રશંસામાં ચાલીસ ચોપાઈઓનો સમાવેશ થયેલ છે, એમાંના એક શ્લોકથી એમની મહાનતા આપણને જાણવા મળે છે.

જુગ સહસ્ત્ર યોજન પર ભાનુ ।
લીલ્યો તાહિ મધુર ફલ જાનુ ॥

**તે સમયના બધાં ગ્રંથો અને સાહિત્ય સંસ્કૃત ભાષામાં હતા અને માત્ર બ્રાહ્મણો જ એ વાંચી શકતા. બધાં જ વાંચી શકે એવા ઉમદા આશયથી તેમણે રામાયણનું હિન્દી ભાષામાં ભાષાંતર કર્યું.**

આ શ્લોકમાં તુલસીદાસ હનુમાનજીના એ પ્રસંગનું વર્ણન કરે છે, જેમાં હનુમાનજી સૂર્યને ફળ સમજી તેને ખાવાનો પ્રયત્ન કરે છે. હનુમાનજીએ પૃથ્વીથી સૂર્ય સુધી પહોંચવા કેટલા અંતરની ઉડાન ભરી એ પણ આ શ્લોકથી જાણવા મળે છે: -

જુગ = ૧૨૦૦૦ વર્ષ

સહસ્ત્ર = ૧૦૦૦

યોજન = ૧૨.૮ **km**

જુગ સહસ્ત્ર યોજન ૧૫,૩૬,૦૦,૦૦૦ કિલોમીટર થાય. જે આશરે સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર છે, એનું અનુમાન તુલસીદાજીએ કોઈપણ વૈજ્ઞાનિક સાધનોની મદદ વગર ૧૬મી સદીમાં જ લગાવ્યું હતું. ત્યારબાદ ૧૭-૧૮મી સદીમાં વૈજ્ઞાનિકોએ ટેલિસ્કોપ અને અન્ય આવિષ્કારો દ્વારા સૂર્ય અને પૃથ્વી વચ્ચે સૌથી લાંબુ અંતર ૧૫,૨૧,૭૧,૫૨૨ કિલોમીટર મેળવ્યું.

હનુમાનજી પ્રત્યેની તેમની ભક્તિ ઉદાહરણ સ્વરૂપ છે.

૧૫૭૫ થી અઢી વરસ મહેનત કરી તેમણે 'રામચરિતમાનસ'ની રચના કરી હતી. ત્યારબાદ તેઓ હંમેશા સત્સંગ અને ભગવાનની આરાધનામાં જ લીન રહેતા.



# અક્રમપીડિયા

## શ્રીરામ જ્યારે બગાસું ખાય ત્યારે ચપટી વગાડવાની સેવા હનુમાનજી કરતા હતા.

નામ : આયુષ મહેતા
ઉંમર : ૨૨ વર્ષ



હેલ્લો ફ્રેન્ડ્સ, બધા મજામાં છો ને? કોરોના મહામારીના નિમિત્તે થયેલ લોકડાઉનના કારણે મારો ટી.વી. અને મોબાઈલનો ઉપયોગ તો એટલો બધો વધી ગયો છે કે પૂછો નહીં.

એક વખત હું ટી.વી.ની ચેનલો ફેરવતો હતો ત્યારે મારી નજર હનુમાનજીની એક સિરિયલ પર પડી. એમાં મેં હનુમાનજી અને શ્રીરામનો એક પ્રસંગ જોયો. શ્રીરામ જ્યારે બગાસું ખાય ત્યારે ચપટી વગાડવાની સેવા હનુમાનજી કરતા હતા. આ માટે હનુમાનજી દિવસ-રાત શ્રીરામની પાછળ-પાછળ ફર્યા કરતા.


આ જોઈને મને ખૂબ આશ્ચર્ય થયું. આટલા શક્તિશાળી હનુમાનજી, ભગવાન શ્રીરામને થોડીક પણ અગવડતા ન આવે અને એમને સતત શ્રીરામ સાથે રહેવા મળે એ માટે નાનામાં નાની સેવા કરે છે.

હનુમાનજીની શ્રીરામ માટેની આવી સેવા અને ભક્તિ જાણીને મને ખૂબ જ અહોભાવ થયો અને મને પણ મન થયું સેવા આપવાનું.

આજ ભાવ સાથે મેં સેવા આપવા માટે મારું નામ લખાવી દીધું. ટૂંક સમયમાં જ મને સેવા કરવાનો મોકો મળ્યો. મને જણાવવામાં આવ્યું કે મારી 'ઈવેન્ટ રજીસ્ટ્રેશન'માં જરૂર છે. કોઈ પણ યુથ ઈવેન્ટસમાં રજીસ્ટ્રેશન કરવામાં કોઈ ટેકનિકલ પ્રોબ્લેમ આવે તો મારે એને સોલ્વ કરવાનું.

પણ આજનું યુથ તો કમ્પ્યુટરમાં તેજ એટલે આવા પ્રોબ્લેમ્સ ભાગ્યે જ કોઈને આવતા હોય છે. મેં સેવા તો જોઈન કરી પણ ઈવેન્ટમાં મને ખાસ સેવાનો લાભ ન મળ્યો. મને વિચારો શરૂ થઈ ગયા 'આ સેવામાં મારું તો કંઈ યોગદાન જ નથી. મને આવી સેવા કરવાની સહેજ પણ ઈચ્છા નો'તી થતી.' આમ અસંતોષને કારણે દુઃખી રહેવા લાગ્યો. મને થયું કે, સેવા આપવાથી તો આનંદ થવો જોઈએ, તો મને કેમ આવું દુઃખ થાય છે?

પૂજ્યશ્રીના સત્સંગથી હંમેશા મને મારા જીવનની બધી જ મૂંઝવણોના જવાબ મળી જાય છે. આ વિચારો સામે ચાવીઓ શોધવા મેં દાદા ભગવાનની 'યુ ટ્યુબ ચેનલ' પર સર્ચ કર્યું, જેમાં મને પૂજ્યશ્રીનો આ સત્સંગ મળ્યો :-



**પૂજ્યશ્રી :** મારું જીવન (દાદા સાથે) શરૂ થયું ત્યારે 'દાદાનું કામ કરવું છે, પછી જે મળ્યું તે.' એ ઝાડુ-પોતાથી માંડીને પછી જે આવે એ. અમેરિકાના મહાત્માઓની બેગો ભરી-ભરીને સામાન મૂકવાનો અને લઈ આવવાનો. એ લોકોને રીસીવ કરવા જવાનું, ટૅક્સીમાં રાત્રે ૩ વાગે, એ બધી સેવા આપણા દાદાના મહાત્માઓની સેવા કરવાથી આનંદ થાય. અને એ મજૂરની જેમ બધો સામાન ઉપાડવો પડે, ટેક્સી ન મળે તો થોડે સુધી લઈયે જવો પડે સામાન. પણ એ બધું આનંદ થાય કે આપણે દાદાનું કામ કરીએ છે ને ! બીજું, દાદા સુધી ન પહોંચીએ પણ આપણા મહાત્માઓની સેવા કરીએ એ દાદાની સેવા કર્યા બરોબર જ છે. એ સેવા કરતાં કરતાં જ, કુદરત આપણને ઊંચે લઈ જાય છે. પ્રકૃતિના કષાય ખાલી થાય અને જ્ઞાનની દશા ઊંચી આવતી જાય.

# શક્તિનો દુરુપયોગ

સુપરમેન, સ્પાઈડરમેનની શક્તિઓ જોઈને આપણને પણ એમના જેવા બનવાની ઈચ્છા થઈ જતી હોય છે, તો હનુમાનજીની શક્તિઓ વિશે આપણે સાંભળીશું તો તો ઓહોહો.. એમની તો વાત જ કંઈ ઓર છે !

હનુમાનજીને દેવતાઓ પાસેથી ઘણાં વરદાન મળ્યા હતાં.

**ઈન્દ્રઃ -** હનુમાનજીનું મૃત્યુ તેમની પોતાની મરજીથી જ થશે.

**અગ્નિઃ -** હનુમાનજીને અગ્નિથી પ્રતિરક્ષા મળશે.

**''જ્યાં સુધી હનુમાનજીને એમની શક્તિઓ કોઈ પાછી યાદ ન અપાવે ત્યાં સુધી એમને એ વિસ્મૃત થઈ જશે.''**

**બ્રહ્માજીઃ -** કોઈ હથિયાર હનુમાનજીને મારી શકશે નહીં.

તેમજ બીજા અન્ય અમે કુલ પંદર શક્તિશાળી વરદાન હનુમાજીને મળ્યા હતા.

પણ એક કહેવત છે ને ..

''With great power comes great responsibility.''

પણ જ્યારે હનુમાનજી એમની બાલ્યાવસ્થામાં હતા ત્યારે જવાબદારીની સમજ ન હોવાથી, પોતાની મસ્તીમાં, અજ્ઞાનતામાં, એમણે આ શક્તિઓનો દૂરુપયોગ કરીને ઋષિઓનો યજ્ઞ ભંગ કરી દીધો. આ કારણે ઋષિઓએ હનુમાનજીને શ્રાપ આપ્યો કે : -

''જ્યાં સુધી હનુમાનજીને એમની શક્તિઓ કોઈ પાછી યાદ ન અપાવે ત્યાં સુધી એમને એ વિસ્મૃત થઈ જશે.'' જેથી કરીને હનુમાનજીથી એ શક્તિઓનો દુરુપયોગ ન થાય.


હવે જ્યારે હનુમાનજીને શ્રીરામની સેવા કરવા માટે આ બધી શક્તિઓની જરૂર પડી હતી ત્યારે જાંબવન્તજી એમને યાદ અપાવી હતી, અને આપણે જાણીએ જ છીએ કે ત્યારબાદ હનુમાનજી એમની શક્તિઓનો ઉપયોગ કરીને શ્રીરામની કેટલી સરસ સેવા કરી શક્યા હતા!

મિત્રો, આપણને દેવોના વરદાન તો નહિ, પણ એવી ઘણી બધી વસ્તુઓ સરળતાથી મળે છે કે જેનો આપણાથી જાણ્યે-અજાણ્યે તેનો

દુરુપયોગ થઈ જતો હોય છે. સૌથી વધારે દુરુપયોગ જે વસ્તુઓનો થાય છે એ છે મોબાઈલ, ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા વગેરે જેવા માધ્યમોનો.

હવે આપણને તો કોઈ એવા ઋષિઓ મળવાના નથી જે આપણા જીવનમાંથી આ બધી વસ્તુઓ વિસ્મૃત કરાવી દે અને જ્યારે જરૂર પડે ત્યારે કોઈ યાદ અપાવી દે. આ કામ આપણે જાતે જ કરવું પડશે.


મોબાઈલ, ઈન્ટરનેટમાં તો આપણને ખબર જ નથી હોતી કે આ દુરુપયોગ થઈ રહ્યો છે. ભણતરના સમયે ગેમ્સ રમવી, જરૂરિયાતથી વધારે સમય સોશિયલ મીડિયા વાપરવું, ચિત્ત બગાડે તેવા વિડીઓઝ જોવા, આ બધાથી મોબાઈલનો દુરુપયોગ  થાય છે.



**તો ચાલો, આજે આપણે નક્કી કરીએ કે આપણને ટેકનોલોજી રૂપી મળેલા વરદાનનો ઉપયોગ જરૂર કરીશું, પણ દુરુપયોગ તો નથી જ કરવો.**

# હનુમાનજીના નામ શોધો

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નુ | લિ | હિ | નુ | ક | ખ | લિ | પ | ઝ્ન | ભ | લો | ઉ | તુ | મા | ત | થ | પૃ | ળ |
| ઘ | અ | ભ | યં | ત | ચ | છ | દી | ગ્ય | ટ | ક | થ | ઉ | રુ | નિ | લ | હુ | લી |
| ત્ર | મા | લ | ધિ | વે | વ | એ | ક | નો | લી | પુ | વ | લિ | મા | ફો | ર | ઘી | પ |
| થ્ર | ફ | ત્રિ | સ | લી | ક | બ | ગ | બ | ચ | જ્ય | ક | મા | ઉ | ધિ | મ | ન | ર |
| દુ | શ | છિ | ષ | ધિ | ગ | વે | ગ | લ | ળ | ચ | ઉ | ટ | દ | વે | ન | એ | વે |
| નિ | મા | ચી | જુ | દિ | એ | રં | ન | ખ | બ | ઍ | મા | ડ | દી | અ | વ | જ | ગ |
| કે | રુ | દ્રો | ટઃ | ફિ | જ | ધિ | લ | ણ | ળ | ઈ | પ | ધિ | વે | ન | ક | ત | ન |
| સ | તિ | કુ | ઘ | બ | વે | ણ | પ | પુ | મા | ર | આ | અ | નિ | લ | બં | એ | ચ |
| રી | ફ | નુ | લુ | છુ | હ | ઑ | ધિ | રો | ક્વ | લી | વે | દ | જ | ઋ | ફ | ઘ | અ |
| નં | જિ | પ | તુ | કો | ન | ઋ | વે | છે | નો | ધિ | ડ | ર | ન | ઑ | ક્સ્હ | બ | વે |
| દ | ટિ | વ | પ્ર | જ્ઞ | મ | પુ | લી | ણ | પૂ | અ | તુ | લિ | ત | ઇ | ણ | મા | ના |
| ન | ઘ | ન | પ્ર | ગો | ગ | યુ | ખિ | પ | વ | ન | પુ | ત્ર | ખ્સ | ક્સ | બણ | ઋ | ડી |



૧. અભયંત
૨. અનિલ
૩. અતુલિત
૪. બજરંગબલી
૫. દીનબંધવે
૬. કેસરીનંદન
૭. લોકપુજ્ય
૮. મારુતિ
૯. પવનપુત્ર
૧૦. પ્રજ્ઞ

# #કવિતા

હાથે સોહે ગદા, અને મુખ પર રામ નામ;
જેમનું બસ, સ્વામીભક્તિનું છે એક જ કામ.

જેના દિલમાં કાયમ, શ્રીરામ-સીતાની છબી છે;
અનન્ય એવું સમર્પણ, ઈતિહાસમાં અજોડ છે.

બળ-બુદ્ધિ-વિદ્યા, સદ્‌ગુણો તમામ છે;
તોયે છાક નહીં, સાથે વિનયની લગામ છે.

સાગર ઓળંગી શકે, ભલે અસીમ દૂરી છે;
ભવસાગર ઓળંગવા, પ્રત્યક્ષ રામ જરૂરી છે.

આજે પણ યુવાનો, બ્રહ્મચર્ય શક્તિ લહે છે;
ભક્ત તણી સૂચિમાં, અગ્રેસર હનુમાન રહે છે.

સ્વામીભક્તિ કરી, જગતે પોતે ભગવાન થયા;
શ્રીરામ સાથે-સાથે, સહુને યાદ હનુમાન રહ્યા.

દાદાના યુવાનો દ્વારા


**વર્ષ: ૯, અંક : ૬**
**સળંગ અંક : ૧૦૨**
**ઓક્ટોબર ૨૦૨૧**

Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/ valid upto 31.12.2022
Licensed to Post without Pre-payment
No. PMG/HQ/104/2020-2022
valid upto 31.12.2022
Posted at Adalaj Post Office on
22nd of every month




# Youth Value Addition Camp

For 17 to 21 yrs
YMHT Boys







For more such updates, visit : **youth.dadabhagwan.org**

## અક્રમ યુથના સભ્યો માટે સૂચના

**૧.** આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમયુથના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. YGFT555/08-2028 એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે. અક્રમયુથ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

**૨.** જો આપને કોઈ મહિનાનું અક્રમયુથ ન મળે તો ફોન નં. 8155007500 પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાયી પાવતી નંબર અથવા ID NO. 2) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત 3) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

**Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org**
**Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.**
**Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.**